ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૫૮ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરના જીમ અનલોક-૩ માટે તત્પર છે

૧ ઓગષ્ટથી અનલોક-૩ લાગુ પડી રહ્યું છે અને શહેરના જીમ તથા થીએટર ખોલવાની વાત ચર્ચાઈ રહી છે ત્યારે નગરના જીમ ટ્રેનરો પાસે આ અંગે લેવાનાર સુરક્ષાના પગલા વિશે જાણીએ

કોરોનાની આ મહામારીમાં લોકડાઉન થયા બાદ હવે અનલોક સિરીઝ ચાલી રહી છે ત્યારે હવે અનલોક-૩ આવનાર છે ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા જીમ ખોલવાની છુટ અપાશે તેવી નગરમાં ચર્ચા ચાલી રહી છે ત્યારે હવે જો જીમ ખુલે તો કોવિડ-૧૯ને લઈ કેટલી તકેદારી અને જીમમાં બીજા કયાં સુરક્ષાના પગલા લેવાશે તે વિશે નગરના જીમ ટ્રેનરો સાથે વાત કરી તેમનો મત જાણીએ.

●●●

અમે જીમની શરૂઆત કરીએ ત્યારથી જ જીમમાં આવનાર કલાયન્ટ અને સ્ટાફને સેનિટાઈઝેશન કરાવડાવશું. સરકાર દ્વારા જીમ ખોલવાની મંજુરી મળે એના ૩ દિવસ પહેલા જ જીમનું કિલનીંગ અને સેનિટાઈઝીંગ કરાવીશું. જીમમાં વધુ ભીડ ના થાય તેનું ધ્યાન રાખીશું. ત્રણ સ્કવેર ફીટના જીમ પ્રમાણે ૧૦ થી ૧૫ કલાયન્ટને સોશિયલ ડિસ્ટન્સીંગનું ધ્યાન રખાય તેમ એક સ્લોટમાં બોલાવીશું. કલાયન્ટ શ્વાસ લઈ શકે એ રીતે માસ્ક પહેરે એનું ધ્યાન રાખીશું. શુઝ, ટોવેલ, પાણીની બોટલ અને યોગા (વર્કઆઉટ) મેટ કલાયન્ટ હવે પોતાનું જ લઈને આવે તે ફરજીયાત કરીશું. દરેક ટ્રેડમિલમાં સેનિટાઈઝર રાખીશું. ચેન્જીંગ રૂમમાં બે થી ત્રણ જણા જ જાય તેનું ધ્યાન રાખીશું અને વારાફરતી દરેક જાય તેનો આગ્રહ રાખીશું. ટ્રેનર કલાયન્ટને ૨ ફટનું અંતર રાખીને જ ટ્રેનીંગ આપશે. બહારનું ફુડ અમે જીમમાં નહિ લાવવા દઈએ. કલાયન્ટને કે અમારામાંથી કોઈને શરદી-ખાંસી-તાવ જેવું લાગે તો લાગતા વળગતા રજા ઉપર ઉતરી જાય તેવો આગ્રહ રાખીશું.

- કેવલ અને રીની

●●●

જીમમાં આવનારા સ્ટાફ મેમ્બર અને કલાયન્ટનું ટેમ્પરેચર મપાશે. સેનિટાઈઝર અમે પ્રોવાઈડ કરીશું પણ કલાયન્ટે પોતાનું ટોવેલ, સેનિટાઈઝર, માસ્ક અને જીમ શુઝ લાવવા પડશે. ચાર હજાર સ્કવેર ફુટની જીમની જગ્યામાં ૧૫ થી ૨૦ મેમ્બરને હેન્ડલ કરી શકાય. દરેક દ્વારા વપરાશ કરેલા જીમના સાધનોનું અમે એક બેચ પતે તેમ સેનિટાઈઝેશન કરીશું.



- મનન ઠકકર

●●●

શુઝ અને નેપ્કીન મેમ્બર ઘરેથી લાવે એ કમ્પલસરી હતા અને હજી પણ રહેશે. જીમની એન્ટ્રીમાં ટેમ્પરેચર મપાશે અને સેનિટાઈઝર રહેશે સાથે જીમ મેમ્બરે ટોવેલ, સેનિટાઈઝર અને જીમ ગ્લવઝ ફરજીયાત લાવવાના રહેશે. આઉટ સાઈડ શુઝ અલાઉ નથી શુઝ બેગમાં લાવીને જ જીમમાં પહેરવાના રહેશે. દરેક જીમ અલગ અલગ સ્કવેર ફુટમાં હોય એ પ્રમાણે અમારી પાંચ હજાર સ્કવેર ફુટના જીમમાં અમે એક કલાકમાં ૨૦ મેમ્બરને સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે ટ્રેનિંગ આપીશું અને સ્ટીમબાથ અને શાવર હાલ સંપૂર્ણ બંધ રહેશે.

- મેહુલકુમાર રાઠોડ

થોડા થોડા દિવસોના અંતરે ગાંધીનગરમાં વરસાદ પડતો રહે છે. સારો એવો વરસાદ પડતા સેકટરોમાં જંગલી વનસ્પતિઓ અને ઝાડીઓ ઉગી નીકળે છે જેના કારણે બધે જ લીલોતરી ફેલાઈ ગઈ છે. જો કે ઝાડીઓના કારણે જીવજંતુઓનો ઉપદ્રવ વધી જતાં વન વિભાગે તેને દૂર કરવાની કામગીરી શરુ કરી છે. સેકટર-૮માં ચર્ચની સામેના વિસ્તારમાંથી ઝાડીઓને દૂર કરવામાં સફાઈ કર્મચારીઓ જોતરાયા હતા.

અડાલજ પોલીસે રીઢો રીક્ષા ચોર ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૨૭

ચોરીની રીક્ષા સાથે રીઢા ચોરને પકડી પાડી અડાલજ પોલીસે ચાર રીક્ષા ચોરીનો ભેદ ઉકેલી નાંખીને આરોપી સામે ગુનો નોંધ્યો છે.

મળતી માહિતી મુજબ અડાલજ પોલીસ મથકના પીઆઈ ડી.એ.ચૌધરીની ટીમ કાર્યરત હતી ત્યારે અનિલસિંહ દિલિપસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે સુરેશજી નાનજી ઠાકોર (રહે.મલાઈ તળાવ થલતેજ),ને પકડી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી રીક્ષા નં. જી.જે.૦૧.ટી.એફ.-૨૨૯૦ પકડી પાડી હતી. આ રીક્ષા તેણે અડાલજ પોલીસ મથકના વિસ્તારમાંથી ચોરી કરી હતી. પોલીસે આરોપીની ઉંડાણપૂર્વક પુછતાછ કરતા તેણે વધુ ત્રણ રીક્ષા ચોરીની કબુલાત કરી છે. જેમાં નભોઈ કેનાલ ખાતેથી જડી.જે.૧૮.એ.વાય-૦૪૩૪, નંબરની રીક્ષા, ચાંદલોડીયા પુલ પાસેથી નં.જી.જે.૦૧. બી.યુ.૧૭૪૮ રીક્ષા તેમજ ગાંધીનગર સેકટર-૧૩ બી ખાતેથી જી.જે.૦૯.એ. એકસ.-૩૨૩૮ નંબરની રીક્ષા ચોરી કરી હતી. રીક્ષા ચોરીના બનાવ અંગે સેકટર-૭, ઈન્ફોસીટી અને સોલા પોલીસ મથકે ગુના નોંધાયા હતા.

જિલ્લાના દહેગામ તાલુકાના વાસણા રોઠડ ગામેથી દારૂ-બિયરનો જથ્થો પકડાયો

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના વાસણા રાઠોડ ગામની સીમમાં ખેતરમાં આવેલા ઘર અને તબેલા પર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે રેઈડ પાડી વિદેશી દારૂ પકડી પાડ્યો છે. પોલીસે રૂ.૫૧,૯૯૦નો દારૂ-બિયરનો જથ્થો તેમજ બુટલેગરને પોલીસે પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે આ દારૂ પ્રકરણમાં દહેગામના વકીલનું નામ ખુલતા શહેરમાં ચકચાર મચી જવા પામી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ દહેગામના વાસણા રાઠોડ ગામે ખેતરમાં રહેતા દશરથભાઈ રણુભાઈ ડોડીયા આસપાસના વિસ્તારમાં દારૂનો વેપાર કરતો હોવાની બાતમી સ્ટેટ મોનીટરીંગ સેલને મળી હતી. જેથી પીએસઆઈ એસ.આર.શર્મા અને તેમની ટીમના સભ્યો સાથે રેઈડ પાડી હતી. તે સમયે ઘરની બહાર દારૂની બોટલો લઈને નીકળેલા દશરથ ડોડીયાને પોલીસે પકડી લીધો હતો. ત્યારબાદ ઘરમાં શોધખોળ કરતા પોલીસને પેટી પલંગ તેમજ તબેલા પાસે જમીનમાં લોખંડનું પીપ રાખવામાં આવેલ દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. જેમાં ૧૨૭ નંગ દારૂની બોટલ તેમજ ૩૯ બોટલ બિયર મળીને કુલ રૂ.૫૧,૯૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. જયારે પોલીસે આ શખ્સને દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યો હતો, તે અંગે પુછતાછ કરતા પાંચ દિવસ અગાઉ વાસણા રાઠોડ ગામના ઘનશ્યામ કાળુસિંહ બિહોલા અને દહેગામ ખાતે રહેતા ગુણવંતભાઈ લાભશંકર મહેતા (વકીલ)પીકઅપ ડાલામાં ભરી આપી ગયા હોવાનું જણાવ્યું હતું. પોલીસે ત્રણેય શખ્સો સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સિવિલના કોવીડ વોર્ડમાં રાત્રીના સમયે મહિલાની છેડતી મુદ્દે હોબાળો

ગુસ્સે ભરાયેલી મહિલાએ બુમાબુમ કરતા દર્દીના સગા, સ્ટાફ એકઠા થઈ ગયા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં ૬૦૦ બેડની હોસ્પિટલમાં કોવીડ હોસ્પિટલ તૈયાર કરવામાં આવી છે. આ કોવીડ હોસ્પિટલમાં મોટીસંખ્યામાં કોરોના પોઝીટીવ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ત્યારે તંત્ર દ્વારા દર્દીઓને સારવાર અને સલામતીના રાગ આલાપવામાં આવે છે, પરંતુ હકીકત કંઈક બીજી હોય છે. શહેરની કોવીડ હોસ્પિટલમાં રાત્રીના ૩ વાગ્યાના અરસામાં સાતમાં માળે આવેલા કોવીડ વોર્ડમાં મહિલા દર્દીની છેડતી મુદ્દે ભારે હંગામો મચી ગયો હતો. દર્દીએ બુમો પાડતા આસપાસમાં રહેલા સ્ટાફના કર્મચારીઓ એકત્ર થઈ ગયા હતા. આ બાબતે પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. જયારે મહિલા દર્દીની ફરીયાદને પગલે બંન્ને ખાનગી એજન્સીના કર્મચારીઓને તાત્કાલીક અસરથી હાંકી કાઢવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ કોવીડ હોસ્પિટલના ૭ માળે કોરોના પોઝીટીવ દર્દીઓને સારવાર માટે રાખવામાં આવે છે. ત્યારે આ વોર્ડમાં તાજેતરમાં એક મહિલા કોરોના પોઝીટીવ દર્દીને પણ સારવાર માટે દાખલ કરવામાં આવી છે. ત્યારે ગતરોજ રાત્રીના ૩ વાગ્યાના અરસામાં અચાનક સાતમા માળે આવેલા કોવીડ વોર્ડમાંથી હોહા થતા વ્યકિતઓ એકઠા થઈ ગયા હતા. હોબાળામાં ખાનગી એજન્સીના કર્મચારીઓએ કોરોના પોઝીટીવ મહિલા દર્દીની છેડતી મુદે હોહા થઈ હતી. ગુસ્સે ભરાયેલી મહિલાએ બુમાબુમ કરતા દર્દીના સગા, સ્ટાફ એકઠા થઈ ગયા હતા. જોરજોરથી બુમાબુમ અને હોબાળાને પગલે પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. ત્યારે છેડતીના બનાવ અંગે સવારે સિવિલ તંત્રને જાણ થતા મહિલા દર્દીની ફરીયાદને પગલે વર્ગ-૪ ના કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મુકવામાં આવ્યા હતા.

સેકટરે સેકટરે નાંખવામાં આવેલી વરસાદી પાણીની પાઈપલાઈને આ વર્ષે ગાંધીનગરાઓ માટે મોટી મુસિબત ઉભી કરી છે. પુરાણ યોગ્ય રીતે ન થતાં ઘરની આગળ જ મોટા મોટા ગાબડાં થઈ ગયા છે. સેકટર-૬ના શોપીંગ સેન્ટર નજીક વરસાદ બાદ પડેલા ખાડાઓને કોર્પોરેટર રાકેશભાઈ પટેલે માટી નંખાવી પુરાવ્યા હતા અને અન્ય વ્યવસ્થા પણ કરી હતી.

જલુંદ ખાતે યોજાયેલ હેપ્પી રકતદાન શિબિરમાં ૪૧ યુનિટસ રકત એકત્ર થયું

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરની સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ ક્લબ દ્વારા જલુંદ ગામ સમસ્ત યુવા મિત્રોના સહયોગથી તા. ૨૬મી જુલાઈ રવિવારે કારગિલ વિજય દિવસ પ્રસંગે 'હેપ્પી રકતદાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કુલ ૪૧ યુનિટ્સ રકત એકત્ર થવા પામ્યું હતું. હેપ્પી રકતદાન શિબિર જલુંદ ગામે શ્રી વૈજનાથ મહાદેવના મંદિરે કોવિદ-૧૯ની ગાઈડલાઈન અનુસાર ફરજિયાત માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે યોજાશે તેમજ સ્થળ પર થર્મલ સ્કેનર અને સેનેટાઈઝરની સુવિધા સાથે યોજાઈ હતી જેમાં ગાંધીનગરની સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકની ટીમ દ્વારા રકત એકત્ર કરવાની સેવા આપવામાં આવી હતી.

કોરોના મહામારીના કારણે રકતદાન પ્રવૃતિમાં ઓટ આવવાથી બ્લડ બેંક ખાતે રકત પુરવઠામાં ખેંચ વર્તાઈ રહી છે. આ સ્થિતિમાં જેમને નિયમિત રકત ચઢાવવાની જરૂર છે તેવા કિડનીના રોગોના દર્દીઓ, થેલેસેમિયા મેજર દર્દીઓ ઉપરાંત જેમને આકસ્મિક અકસ્માત કે ગંભીર સર્જરી કરવાની હોય તેવા કારણસર લોહી ચઢાવવાની જરૂર પડે તેવા દર્દીઓને અણીના સમયે જરૂરી રકત પુરવઠો મળી રહે અને રકત પુરવઠાની ખેંચને કારણે કોઈ દર્દીને જીવ ના ગુમાવવો પડે તે હેતુસર આ હેપ્પી રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કારગિલ વિજય દિવસના શુભ દિને યોજાયેલ હેપ્પી રકતદાન શિબિરમાં ગ્રામીણ વિસ્તારના યુવાનો-મહિલાઓમાં રકતદાન અંગે જાગૃતિ ફેલાય અને વધુને વધુ યુવાનો આ અનોખી સેવા પ્રવૃતિમાં તેમનું યોગદાન આપતા થાય તેવો શુભ હેતુ હતો. 'હેપ્પી રકતદાન શિબિર'માં જલુંદ ગામના યુવાનોએ ખુબજ ઉત્સાહપૂર્વક રકતદાન કરીને ૪૧ યુનિટસ રકતનું યોગદાન આપ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગરના સામાજિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલાએ પણ રકતદાન કરી યુવાનોનો ઉત્સાહ વધાર્યો હતો. રકતદાન કરનાર તમામ રકતદાતાઓને પ્રમાણપત્ર, રકતદાતા કાર્ડ તેમજ શુભેચ્છા ભેટ સાથે માસ્ક-સેનેટાઈઝરની કીટ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. શિબિર દરમ્યાન જલુંદ ગામના સરપંચ રમેશજી ઠાકોર સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. 'હેપ્પી રકતદાન શિબિર'ને સફળ બનાવવા માટે જલુંદ ગામના અલ્પેશભાઈ પ્રજાપતિ, સુરપાલસિંહ વાઘેલા, આશિષભાઈ પ્રજાપતિ, પ્રકાશભાઈ પ્રજાપતિ, કપિલભાઈ પ્રજાપતિ, વિશાલ ઠાકોર સહિત ગામના યુવાનોએ તથા હેપ્પી યુથ ક્લબના અલ્કેશ ભાનુપ્રિય અને વિજયસિંહ માજીરાણા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

આરટીઈના ઓનલાઈન ફોર્મની પ્રક્રિયા ઝડપી હાથ ધરાય તે અંગે એનએસયુઆઈ દ્વારા શિક્ષણમંત્રીને રજુઆત

શાળાઓ દ્વારા હજુ સુધી રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ એડમીશનની પ્રક્રિયા હાથ ધરાઈ નથી. ખાનગી શાળાઓએ બાળકો માટે પ્રવેશ પ્રક્રિયા પણ શરુ કરી દીધી છે. જેમાં આરટીઈ હેઠળ ખાનગી શાળાઓએ ૨૫ ટકા બાળકોને વિના મુલ્યે શિક્ષણ આપવાનું હોય છે. જેમાં ગરીબ પરિવારના બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. પરંતુ હાલ સરકાર દ્વારા અને શિક્ષણ વિભાગ દ્વારા આરટીઈ અંગે કોઈ સ્પષ્ટીકરણ સરકાર દ્વારા કરવામાં આવ્યું નથી.ત્યારે બાળકોના વાલીઓ પણ આ અંગે ચિંતિત નજરે પડી રહ્યા છે. ત્યારે વહેલી તકે આરટીઈના ઓનલાઈન ફોર્મની પ્રક્રિયા હાથ ધરવામાં આવે અને પ્રથમ સત્રની ફી સંપૂર્ણ માફ કરવામાં આવે તે માટે ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈના પ્રમુખ અમિત પારેખ અને કાર્યકરોએ શિક્ષણમંત્રી સમક્ષ લેખિત રજુઆત કરી છે. આ પ્રસંગે એનએસયુઆઈના નિખિલ સવાણી અને ગૌરાંગ મકવાણા સહિત કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

નગરના સે-૨૮ જીઆઈડીસી વિસ્તારમાં પાઈપલાઈનના કામ કર્યા બાદ વરસાદના પાણીથી ભૂવા પડી ગયા છે. અને મુખ્ય માર્ગ બંધ થઈ ગયા છે અને આવતા જતા વાહનો ખાડામાં ફસાઈ રહ્યા છે. આ સમસ્યાનો જલ્દીથી ઉકેલ આવે તેવી રાહદારીઓની માંગ છે.

સે-૨ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના મહામંત્રી રાજેન્દ્ર પારેખ દ્વારા તેમના જન્મદિન નિમિત્તે સે-૨ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સે- સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે હિંડોળા મહોત્સવમાં શ્રીજીના ચારણે ચોકલેટના હિંડોળા બનાવડાવી સાંજે ઝુંપડાવાસીઓને ખીચડી-કઢીનું ભોજન જમાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડેપ્યુટી મેયર નાઝાભાઈ ધાંધર, પૂર્વ મેયર પ્રવિણભાઈ પટેલ, વોર્ડ નં.૮ના કોર્પોરેટર નરેશભાઈ પરમાર, કેસરીસિંહ બિહોલા, જે.પી.નાઈ, ભાનુભાઈ દવે, હિમાંશુભાઈ ભચેચ, કે.પી. સોલંકી, રમણલાલ વાળંદ, ડાહ્યાભાઈ પારેખ, નીતાબેન ભચેચ, સુભાષભાઈ નાયી, ઉદયન પટેલ, સરજીત નાણાવટી, નિકુંજભાઈ વાઘેલા, નટુભાઈ લેઉવા, કાંતિભાઈ વાઘેલા, આરતીબેન પરીખ, નિમીષાબેન પારેખ અને અન્ય વસાહતીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ચિરવિદાય

- સ્વ. પટેલ ગોવિંદભાઈ પ્રભુદાસ, ઉ.વ. ૬૨, મુ. નરોડા, અમદાવાદ
- સ્વ. કનકબેન યોગેન્દ્રભાઈ માંકડ, ઉ.વ. ૮૬, સેકટર-૨૨, ગાંધીનગર